# દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
## યુનિવર્સિટી કેમ્પસ, ઉધના મગદલ્લા રોડ,
## સુરત–૭

**ખાનગી** **સિન્ડિકેટની સામાન્ય સભા**
**ફક્ત સભ્યોની જાણ માટે** **તા. ૨૮–૨/૪–૩–૨૦૦૩**

## –: કાર્યવાહી :–

સિન્ડિકેટની **સામાન્ય સભા** શુક્રવાર, તા.૨૮–૨–૨૦૦૩ ના રોજ બપોરે, ૧–૦૦ કલાકે તથા મંગળવાર, તા.૪–૩–૨૦૦૩ ના રોજ બપોરે, ૩–૦૦ કલાકે યુનિવર્સિટીના કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

| | | તા:૨૮–૨–૦૩ | તા:૪–૩–૦૩ |
|---|---|---|---|
| ૧. | શ્રી પ્રેમકુમાર શારદા (કુલપતિશ્રી) | હાજર | હાજર |
| ૨. | ડૉ. જયેન્દ્રકુમાર જગન્નાથ ભટ્ટ (ઉપ કુલપતિશ્રી) | હાજર | હાજર |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ | ગેરહાજર | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ | ગેરહાજર | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજ્યુકેશન અથવા તેમન પ્રતિનિધિ | ગેરહાજર | ગેરહાજર |
| ૬. | આચાર્યશ્રી રસેશ ચંદ્રસુખરામ શુકલ | હાજર | ગેરહાજર |
| ૭. | આચાર્યશ્રી ડૉ. બોમી બરજોરજી કાવીના | હાજર | ગેરહાજર |
| ૮. | ડૉ. કિશોર રતીલાલ દેસાઈ | હાજર | હાજર |
| ૯. | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા | હાજર | ગેરહાજર |
| ૧૦. | પ્રા.ડૉ. ભાસ્કર મહેન્દ્રપ્રસાદ રાવલ | ગેરહાજર | ગેરહાજર |
| ૧૧. | પ્રા. ગિરીશભાઈ નવનીતલાલ રાણા | હાજર | હાજર |
| ૧૨. | શ્રી. કિશોરભાઈ રામજીભાઈ વાઘેલા | હાજર | હાજર |
| ૧૩. | પ્રા. અનિલભાઈ જગદીશચંદ્ર ગોયલ | હાજર | હાજર |
| ૧૪. | પ્રા. ભગવાનદાસ ગાંડાલાલ પંચાસરા | ગેરહાજર | હાજર |

**તેઓ બહારગામ ગયા હોવાની લેખિત જાણ કરી હતી.**

સભાનું કામ શરૂ થાય તે પહેલાં ૨ શોક દર્શક ઠરાવ રજૂ કરવામાં આવ્યાં હતાં. જેને સભા ગૃહે ૨ મિનિટનું મૌન પાળી પસાર કર્યા હતાં.

## (૧) સ્વ. સવિતાબેન જી. સોલંકી :–

યુનિવર્સિટીના સફાઈ કામદાર શ્રીમતી સવિતાબેન સી. સોલંકીનું દુ:ખદ અવસાન તા: ૩–૧૨–૨૦૦૨ ના રોજ નિપજેલ અચાનક નિધન બદલ સિન્ડિકેટની સભા ઘેરા શોક ની લાગણી વ્યકત કરી શોકાંજલી આપી હતી અને સ્વર્ગસ્થના આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાશ્વત શાંતિ અર્પે એ અભ્યર્થના.

## (૨) સ્વ. પી.જી.રાણા :–

યુનિવર્સિટીના નાયક(પટાવાળા) શ્રી. પી.જી.રાણાનું દુ:ખદ અવસાન તા: ૨૦–૨–૨૦૦૩ ના રોજ નિપજેલ અચાનક નિધન બદલ સિન્ડિકેટની સભા ઘેરા શોક ની લાગણી વ્યકત કરી શોકાંજલી આપી હતી અને સ્વર્ગસ્થના આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાશ્વત શાંતિ અર્પે એ અભ્યર્થના.

__________________________ _____

____________________________

(૧) સિન્ડિકેટ તા: ૨૮–૧–૨૦૦૩ની સામાન્ય સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: સિન્ડિકેટની તા: ૨૮–૧–૨૦૦૩ની સામાન્ય સભાની કાર્યવાહી યથાવત મંજૂર કરવામાં આવી હતી અને ત્યારબાદ અધ્યક્ષશ્રીએ સહી કરી હતી.

(૨) સને ૨૦૦૧–૨૦૦૨ના વર્ષના વાર્ષિક અહેવાલનો ખરડો તૈયાર કરવા માટે, સિન્ડિકેટે તેની તા: ૧૭–૮–૨૦૦૨ની સામાન્ય સભામાં બાબત ક્રમાંક: (૨૫) થી નિયુકત કરેલ "વાર્ષિક અહેવાલ સમિતિએ તૈયાર કરેલ યુનિવર્સિટીનો ૨૦૦૧–૨૦૦૨ (૩૬ મો) ના વર્ષના વાર્ષિક અહેવાલનો ખરડો મંજૂર કરવા તેમજ આગામી સેનેટની વાર્ષિક સભામાં કયા સભ્યશ્રી પાસે રજૂ (MOVE) કરાવવો તે અંગે વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સને ૨૦૦૧–૨૦૦૨ના વાર્ષિક અહેવાલના ખરડાને આખરી ઓપ આપવા માટે નીચેના સભ્યોની નિમણૂંક કરી.

(૧) આ.શ્રી. આર.સી.શુકલ (૨) ડૉ. કે.આર.દેસાઈ

(૩) પ્રા. અનિલભાઈ ગોયલ (૪) આ.ડૉ. બી.બી.કાવીના

(૫) પ્રા. ગિરીશભાઈ રાણા

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સને ૨૦૦૧–૨૦૦૨ના વાર્ષિક અહેવાલનો ખરડો આ.શ્રી. ભરતભાઈ ડી.નાયક પાસે રજૂ (MOVE) કરાવવો.

(૩) યુ.જી.સી. ગાઈડ લાઈન્સ અંતર્ગત ઓર્ડિનન્સ/સ્ટેટયુટમાં સુધારા–વધારા કરવા સિન્ડિકેટે નિમેલી સમિતિ ધ્વારા નવા ઘડવામાં આવેલ સ્ટેટયુટ ૨૧૧ થી ૨૨૨ પરિશિષ્ટમાં જણાવ્યા પ્રમાણે સિન્ડિકેટ ધ્વારા મંજૂર કરવામાં આવ્યા હોય પ્રસ્તુત સ્ટેટયૂટ આગામી સેનેટની સભામાં કોની પાસે રજૂ (Move) કરાવવા તે અંગે વિચારણા કરવા બાબત.

**(વહીવટી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટેટયૂટ ૨૧૧ થી ૨૨૨ આગામી સેનેટની સભામાં સુધારા/વધારા માટેની રજૂઆત ડૉ.બી.બી.કાવીના પાસે રજૂ (MOVE) કરાવવો.

(૪) યુનિવર્સિટી ધારા નંબર–૩૮, ૧૯૬૫ માં સુધારા/વધારા કરવા સિન્ડિકેટે, તા: ૧૯–૧૨–૨૦૦૨ ઠરાવ ક્રમાંક: ૪૯ અન્વયે, મંજૂર કરવામાં આવ્યા છે. આગામી સેનેટની વાર્ષિક સભામાં રજૂઆત (Move) કરવા કયા સેનેટ સભ્યશ્રી પાસેથી પ્રસ્તાવ મૂકાવવા તે અંગે વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ધારા નંબર–૩૮, ૧૯૬૫ માં સુધારા/વધારા કરવા માટેની રજૂઆત શ્રી. ગૌરાંગભાઈ વૈદ્ય રજૂ (MOVE) કરાવવો.

(૫) નાણાં સમિતિએ મંજૂર કરેલ સને ૨૦૦૨–૨૦૦૩ ના વર્ષનું સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૦૩–૨૦૦૪ના અંદાજપત્ર પર વિચારણા કરવા તેમજ આગામી સેનેટની વાર્ષિક સભામાં કયા સભ્યશ્રી પાસે રજૂ (Move) કરાવવું તે અંગે વિચારણા કરવા બાબત.

**(હિસાબી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સને ૨૦૦૨–૨૦૦૩ ના વર્ષનો સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૦૩–૨૦૦૪ના અંદાજપત્રને આખરી ઓપ આપવા માટે નીચેના સભ્યોની નિમણૂંક કરી.

(૧) આ.શ્રી. આર.સી.શુકલ (૨) ડૉ. કે.આર.દેસાઈ

(૩) પ્રા. અનિલભાઈ ગોયલ (૪) આ.ડૉ. બી.બી.કાવીના

(૫) પ્રા. ગિરીશભાઈ રાણા

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સને ૨૦૦૨–૨૦૦૩ ના વર્ષનો સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૦૩–૨૦૦૪નું અંદાજપત્ર શ્રી. હેમંતભાઈ જે.ટોપીવાલા પાસે રજૂ (MOVE) કરાવવું.

(૬) શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ માટે બી.એડ. કોલેજોમાં તાલીમાર્થીઓને પ્રવેશ આપવા બાબતે પ્રવેશ સમિતિની રચના કરવા બાબત.

**(એકેડેમિક)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ ના વર્ષ માટે બી.એડ. કોલેજોમાં તાલીમાર્થીઓને પ્રવેશ આપવા અંગેની ગાઈડલાઈન્સ નક્કી કરવા માટે નીચેના સભ્યોની નિમણૂંક કરી.

૧. ડૉ. શશિકાંત શાહ (કન્વીનર).
ડીનશ્રી, શિક્ષણ વિભાગ, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.

૨. ડૉ. કે.આર.દેસાઈ (સિન્ડિકેટ ના પ્રતિનિધિ).

૩. પ્રા. ગિરીશભાઈ રાણા (સિન્ડિકેટ ના પ્રતિનિધિ).

૪. આચાર્યશ્રી, વી.ટી.ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ એજ્યુકેશન, સુરત.

૫. આચાર્યશ્રી, શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બિલિમોરા.

૬. આચાર્યશ્રી, કોલેજ ઓફ એજ્યુકેશન, ખરોડ, જિ–ભરૂચ.

૭. ઈ.ચા.આચાર્યશ્રી, શ્રી વી.આર.ભકત કોલેજ ઓફ એજ્યુકેશન, કામરેજ ચાર રસ્તા, ખોલવડ.

૮. આચાર્યશ્રી, કોલેજ ઓફ એજ્યુકેશન, નાની દમણ.

(૭) સ્ટેટ્યૂટ–૨૯૪ની કલમ–૪,૫ અને ૬ અન્વયે કોલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલની નીચે દર્શાવ્યા પ્રમાણે ત્રણ (૩) વર્ષની મુદ્દત માટે પુનઃ રચના કરવા અંગે વિચારણા કરવા બાબત. **(યુ.જી.સી.)**

૪. Five senior teachers of the University Teaching Departments to be appointed by the syndicate.

૫. Nine Principals of the affiliated colleges to be appointed by the syndicate.

૬. Nine teachers of the affiliated colleges to be appointed by the syndicate.

:: આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટેટયૂટ ૨૯૪ ની કલમ ૪,૫ અને ૬ અન્વયે કોલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલની નીચે દર્શાવ્યા પ્રમાણે ૩ વર્ષની મુદ્દત માટે નીચેના સભ્યો સમિતિ બનાવી.

૪. Five senior teachers of the University Teaching Departments to be appointed by the syndicate.

(૧) ડૉ. એ.એસ.ચારણ (૨) ડૉ. પી.એચ.ભાઠાવાલા

(૩) ડૉ. કે.સી.પોરીયા (૪) ડૉ. રાકેશ દેસાઇ

(૫) ડૉ. વિપુલ સોમાણી

૫. Nine Principals of the affiliated colleges to be appointed by the syndicate.

(૧) ડૉ. એ.એમ.દેસાઇ – ઝેડ.એફ વાડિયા વિમેન્સ કોલેજ.

(૨) ડૉ. હર્ષદ નાયક – જે.પી.શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડ.

(૩) આ.શ્રી. જે.એમ.નાયક – નવયુગ કોમર્સ કોલેજ.

(૪) ડૉ. વિક્રમ દેસાઇ – સિધ્ધાર્થ લૉ કોલેજ, ખોલવડ.

(૫) આ.ડૉ.ભાસ્કરભાઇ રાવલ– નર્મદા કોલેજ, ઝાડેશ્વર.

(૬) આ.શ્રી. એસ.બી.દરજી – બી.પી.બારીયા, નવસારી.

(૭) આ.શ્રી. એન.બી.મહીડા – આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ,રાજપીપળા

(૮) આ.ડૉ. યુ.ટી.દેસાઇ – અખંડ આનંદ કોલેજ, સુરત.

(૯) આ.શ્રી. બી.એન.જોષી – આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મોટાપોંઢા.

૬. Nine teachers of the affiliated colleges to be appointed by the syndicate.

(૧) પ્રા. ગિરીશભાઇ રાણા –આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલી.

(૨) પ્રા. અનિલભાઈ ગોયલ – બી.કે.એમ. સાયન્સ કોલેજ, વલસાડ.

(૩) પ્રા. બી.જે.પંચાસરા – એસ.બી.ગાર્ડા કોલેજ, નવસારી.

(૪) પ્રા. વિનોદભાઈ પટેલ –આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બારડોલી.

(૫) પ્રા. જે.કે.પટેલ – વી.ટી.ચોકસી લૉ કોલેજ, સુરત.

(૬) પ્રા. દિલીપભાઈ પટેલ – બી.એડ કોલેજ, બિલિમોરા.

(૭) પ્રા. જે.એલ.ઠીમર – આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા.

(૮) ડૉ. પી.કે.પટેલ – ગર્વમેન્ટ મેડિકલ કોલેજ, સુરત.

(૯) પ્રા. જે.સી.જોશી – એમ.કે. કોમર્સ કોલેજ, ભરૂચ.

(૮) એન્જિનિયરીંગ ફેકલ્ટીમાં અનુસ્નાતકની પદવી મેળવનાર વિદ્યાર્થી પીએચ.ડી. માટે સંશોધન કાર્ય કરવા ઈચ્છતાં હોયતો હાલમાં યુનિવર્સિટી સંલગ્ન એન્જિનિયરીંગ કોલેજોમાં પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષકોની સંખ્યામાં ઘટાડો થયો છે કેમકે, એસ.વી.આર.કોલેજ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી, સુરત ને ડીમ્ડ યુનિવર્સિટીનો દરજ્જો પ્રાપ્ત થયો હોવાથી તેમજ સંલગ્ન એન્જિ. કોલેજોમાં સિવિલ એન્જિનિયરીંગનો અભ્યાસક્રમ ચાલતો ન હોવાથી તથા પીએચ.ડી. સંશોધન કાર્ય કરવા સિવિલ એન્જિનિયરીંગ બ્રાંચમાં જ વિદ્યાર્થીઓ નોંધણી કરાવતા હોવાથી **SVNIT** ના જુદી જુદી એન્જિનિયરીંગ બ્રાંચમાં જે તે શિક્ષકોને યુનિવર્સિટી ધ્વારા પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપી હતી, તેઓને યુનિવર્સિટીમાં પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષકો તરીકેની માન્યતા ચાલુ રાખવા અંગે વિચારણા કરવા બાબત.

**(અનુસ્નાતક)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, એસ.વી.આર.કોલેજ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી, સુરતના જુદી જુદી એન્જિનિયરીંગ બ્રાંચમાં જે તે શિક્ષકોને યુનિવર્સિટી ધ્વારા પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપી હતી, તેઓની માન્યતા ચાલુ રાખવી.

(૯) પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા પ્રવર્તમાન ઓર્ડિનન્સ–૧૦૮ (૧) ની જોગવાઈ મુજબ આર્ટસ, સાયન્સ, કોમર્સ અને એજ્યુકેશન ફેકલ્ટીના શિક્ષકો ઉપરાંત કાનૂન વિદ્યાશાખાના શિક્ષકોને સદરહું ઓર્ડિનન્સમાં આમેજ કરી/ જોગવાઈ લાગુ કરવા અનુસ્નાતક શિક્ષણ મંડળની તા: ૭–૫–૦૨/ ૩૦–૯–૦૨ ની સભાનાં ઠરાવ ક્રમાંક : ૧૯ તેમજ સિન્ડિકેટની તા: ૧૯–૧૨–૦૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૪ અન્વયે મજકુર ભલામણ સ્વીકારેલ છે, મજકુર ભલામણનો (સુધારેલ ઓર્ડિનન્સ) આગામી સેનેટની સભામાં રજૂઆત કરવા કયા સેનેટ સભ્ય પાસેથી પ્રસ્તાવ મુકાવવો, તે અંગે વિચારણા કરવા બાબત.

**(અનુસ્નાતક)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત સુધારેલ ઓર્ડિનન્સ ડૉ. વિક્રમભાઈ દેસાઈ પાસે રજૂ (MOVE) કરાવવું.

(૧૦) મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાનાં નાયબ સેક્રેટરીનાં તા: ૧–૧–૨૦૦૩નાં પત્રાંક: એમસીઆઈ/૯૪ (૨૨)/૨૦૦૨–મેડી/૩૦૫૯૪ અન્વયે ગર્વમેન્ટ મેડીકલ કોલેજ, સુરત હસ્તક ચાલતાં એમ.એસ. (ઓર્થોપેડીકસ) નાં અભ્યાસક્રમ/ટ્રેનિંગ તથા યુનિવર્સિટી ધ્વારા ચાલતાં એમ.એસ. (ઓર્થોપેડીકસ) કવોલીફીકેશનને એમ.સી.આઈ. ની પોસ્ટ ગ્રેજયુએટ કમિટિ ધ્વારા માન્યતા આપેલ છે તે બાબતની જાણ કરતાં સદર પત્રની નોંધ લેવાં/વિચારણા કરવા બાબત.

**(અનુસ્નાતક)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં જણાવેલ પત્રની નોંધ લીધી.

(૧૧) યુનિવર્સિટીના ડી.બી.આઈ.એમ. અનુસ્નાતક વિભાગમાં M.B.A.-1 માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી નિશાંત જે.ગોસાઈની સ્નાતક કક્ષાની ડીગ્રી (બી.આઈ.ટી.) કે જે મનીપાલ એકેડેમિક ઓફ હાયર એજયુકેશન મનીપાલમાંથી મેળવેલ હોય યુનિવર્સિટીની સ્નાતક કક્ષાની ડીગ્રી સમકક્ષ ન હોવાને કારણે Provisional Eligibility Certificate ન આપતાં સદર વિદ્યાર્થીનો પ્રવેશ રદ થયો હોવાથી વિદ્યાર્થી ધ્વારા તેનું ભરેલ લવાજમ પરત માંગતા, અને સેલ્ફ ફાઈનાન્સ રીફંડના નિયમમાં Provisional Eligibility Certificate ન મળતા પ્રવેશ રદ કરવામાં આવે તો રીફંડની કોઈ જોગવાઈ ન હોય સદર લવાજમ રીફંડ કરવા વિચારણા કરવા બાબત.

**(અનુસ્નાતક)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં જણાવેલ વિદ્યાર્થી નિશાંત જે.ગોસાઈની ભરેલ લવાજમમાંથી ૧૦ % ફી કાપીને બાકીની ૯૦ % ફી પરત કરવી.

(૧૨) યુનિવર્સિટી કાર્યાલયમાં તા: ૮–૧–૯૦ થી બે વર્ષના અજમાયશી ધોરણે સફાઈ કામદાર તરીકે નિમણુંક પામેલ અને ફરજ દરમ્યાન તા: ૩–૧૨–૦૨ ના રોજ અવસાન પામેલ સ્વ. સવિતાબેન સોલંકીનો અજમાયશી સમયની મુદ્દત તા: ૭–૧–૯૨ ના રોજ પૂરી થતી હતી પરંતુ તેમની અનિયમિતતાને કારણે તેણીને સમયસર નોકરીમાં કાયમ કરી શકાયા નથી. આ સંજોગોમાં તા: ૭–૧–૯૨ થી deemed to be confirm ગણી તેમના અવસાન બાદ સરકારી રાહે નોકરીનાં અન્ય લાભો તેમના વારસદારોને મળી શકે તે અંગે વિચારણા કરવા બાબત.

**(વહીવટી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સ્વ. સવિતાબેન.સી.સોલંકીની ઉપરોકત બાબતને સ્ટાફ સ્ટેન્ડીંગસમિતિમાં મુકવી અને વકીલ પાસે લીગલ ઓપીનીયન મંગાવવો.

(૧૩) બી.વી.પટેલ ઈન્સ્ટિટયૂટ ઓફ બિઝનેશ મેનેજમેન્ટ કોમ્પ્યુટર એન્ડ ઈન્ફોર્મિશન ટેકનોલોજી, તરસાડી (બારડોલી)ની શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી ૨૦૦૫–૨૦૦૬ સુધીનું સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.બી.એ. નું ચાલુ જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના ઈનચાર્જ નિયામકશ્રીએ તેમના તા: ૩૦–૧–૨૦૦૩ ના પત્રાંક: બીબીએ/૯/૨/૨૭૩/૨૦૦૨–૦૩ સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂંક કરવી:

(૧) પ્રા.ગિરીશભાઈ રાણા (૨) ડૉ. બી.બી.કાવીના

(૩) ડૉ.એ.એસ.અબાની (૪) પ્રા. મનોજ જોષી

(૫) શ્રીમતી તૃપ્તિબેન અલમોલા

(૧૪) બી.વી.પટેલ ઈન્સ્ટિટયૂટ ઓફ બિઝનેશ મેનેજમેન્ટ કોમ્પ્યુટર એન્ડ ઈન્ફોર્મિશન ટેકનોલોજી, તરસાડી (બારડોલી)ની શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી શૈક્ષણિક વર્ષ ૨૦૦૫–૨૦૦૬ સુધીનું સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.સી.એ. નું ચાલુ જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજ તરફથી યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂંક કરવી:

(૧) ડૉ. કે.આર.દેસાઈ

(૨) પ્રા. અનિલભાઈ ગોયલ

(૩) શ્રી. રવિ ગુલાટી

(૧૫) શ્રીમદ્ રાજચંદ્ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર એપ્લીકેશન, તરસાડી (બારડોલી) ની સ્વનિર્ભર અભ્યાસક્રમ એમ.સી.એ.નું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩ – ૨૦૦૪ થી ૨૦૦૫–૨૦૦૬ સુધીનું ચાલુ/વધારાનું જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજે તેની તા: ૪–૨–૨૦૦૨ ના પત્રાંક: આઈએમસીએ/ એસજીયુ/૧૮૮/૨૦૦૨–૦૩ સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂંક કરવી:

(૧) આ.ડૉ. ભાસ્કરભાઈ રાવલ (૨) શ્રી હેમંતભાઈ ટોપીવાલા

(૩) ડૉ. અપૂર્વ દેસાઈ (૪) ડૉ. એસ.વી.પટેલ

(૧૬) વલસાડની બી.કે.એમ. સાયન્સ કોલેજમાં સ્વનિર્ભર અભ્યાસક્રમ પી.જી.ડી.એમ.એલ.ટી.ની શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી માન્યતા મેળવવા પ્રસ્તુત કોલેજના આચાર્યશ્રીએ યુનિવર્સિટીને મોકલેલ અરજી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂંક કરવી:

(૧) ડૉ. કે.આર.દેસાઈ (૨) શ્રી કિશોરભાઈ વાઘેલા

(૩) પ્રા. પી.કે.હિરાધર (૪) ડૉ. મહેન્દ્ર ચૌહાણ

(૧૭) વલસાડની બી.કે.એમ. સાયન્સ કોલેજમાં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી. કોમ્પ્યુટરનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી ચાલુ જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના આચાર્યશ્રીએ યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂંક કરવી:

(૧) આ.શ્રી આર.સી.શુક્લ (૨) આ.ડૉ. ભાસ્કરભાઈ રાવલ

(૩) પ્રા. એસ.વી.પટેલ (૪) પ્રા. બી.આર.પટેલ

(૧૮) વલસાડની બી.કે.એમ. સાયન્સ કોલેજમાં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી. માઈક્રોબાયોલોજી નું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી ચાલુ જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના આચાર્યશ્રીએ યુનિવર્સિટીને મોકલેલ અરજી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂંક કરવી:

(૧) ડૉ. કે.આર.દેસાઈ (૨) પ્રા. પી.કે.હિરાધર

(૩) શ્રી કિશોરભાઈ વાઘેલા (૪) ડૉ. મહેન્દ્ર ચૌહાણ

(૫) ડૉ. આર.ડી.પટેલ

(૧૯) વલસાડની બી.કે.એમ. સાયન્સ કોલેજમાં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.સી.એ. નું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી ચાલુ જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના આચાર્યશ્રીએ યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂંક કરવી:

(૧) આ.શ્રી આર.સી.શુકલ (૨) આ.ડૉ. ભાસ્કરભાઈ રાવલ
(૩) પ્રા. એસ.વી.પટેલ (૪) પ્રા. બી.આર.પટેલ
(૫) પ્રા. કે.ટી.મહેતા

(૨૦) ધ બોમ્બે પટેલ વેલફેર સોસાયટી, ભરૂચની સ્વનિર્ભર (અંગ્રેજી માધ્યમ) ની કોલેજ ઓફ એજયુકેશનનું નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, તેની તા: ૨૭–૩–૦૨ના રોજ મળેલ સભામાં બાબત ક્રમાંક: (૨૧) અન્વયે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિની સભા યુનિવર્સિટી કાર્યાલયમાં તા: ૨૯–૧–૨૦૦૩ના રોજ મળેલ સ્થાનિક તપાસસમિતિની સભાની કાર્યવાહી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતે સ્થાનિક તપાસસમિતિની કાર્યવાહી મંજૂર કરવામાં આવે છે.

(૨૧) કે.બી.એસ.કોલેજ ઓફ પ્રોફેશનલ સાયન્સ એન્ડ કોમર્સ, વાપીની શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી એફ.વાય.બી.કોમ., એસ.વાય.બી.કોમ., એફ.વાય.બી.એસસી.(ચાલુ) અને એસ.વાય.બી.એસસી અને ટી.વાય.બી.કોમ નું વધારાનું જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના ડાયરેકટરશ્રીએ તેમના તા: ૩–૨–૦૩ ના પત્રાંક: કેબીએસ/૧/યુનિ.એફિ./૨૦૦૩ સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂંક કરવી:

(૧) ડૉ. કે.આર.દેસાઈ (૨) આ.ડૉ. ભાસ્કરભાઈ રાવલ
(૩) પ્રા. ભગવાનદાસ જી.પંચાસરા (૪) ડૉ. એ.એસ.ચારણ
(૫) પ્રા. જે.એલ.ઢીમર

(૨૨) શ્રીમતી આર.પી.ચૌહાણ આર્ટસ એન્ડ શ્રીમતી જે.કે.શાહ અને શ્રી કે.ડી.શાહ કોમર્સ કોલેજ, વ્યારામાં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.સી.એ.નું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૦૪ થી પાંચ વર્ષ માટેનું ચાલુ/વધારાનું જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના આચાર્યશ્રીએ તેમના તા: ૧૮–૧–૨૦૦૩ સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર અગાઉની જૂની સ્થાનિક તપાસસમિતિના સભ્યો ચાલુ રાખવા.(તપાસસમિતિના સભ્યો નીચે મુજબ છે.)

| | | | |
|---|---|---|---|
| (૧) | ડૉ. કે.આર.દેસાઈ | (૨) | પ્રા. અનિલભાઈ ગોયલ |
| (૩) | પ્રા. જયેશભાઈ દેશકર | (૪) | ડૉ. અપૂર્વ દેસાઈ |
| (૫) | શ્રી ગૌરાંગભાઈ વૈધ | | |

(૨૩) યુનિવર્સિટીની સંલગ્ન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, માંડવીને નવા મકાન માટે નિર્ણાયક દાન આપવા બદલ સંચાલક મંડળને શૈક્ષણિક સત્ર ૨૦૦૨ – ૨૦૦૩ થી કોલેજને દાતાનું નામ આપવાનું નક્કી કરતાં, સદર કોલેજનું નામ "બાબુભાઈ બી. અવિચળ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ" એમ સુધારો કરવા કોલેજના આચાર્યશ્રીએ તેમના તા: ૨૧–૧–૨૦૦૩ ના પત્રાંક: ૪૦૯/૦૩ થી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત મંજૂર કરવામાં આવે છે.

(૨૪) તપોવન સંસ્કાર કેન્દ્ર, ભરૂચ ધ્વારા મહિલા બી.એડ. કોલેજનું એસ.એન.ડી.ટી. મહિલા યુનિવર્સિટી, મુંબઈ સાથે સંલગ્નતા ધરાવે છે, જેથી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનું એન.ઓ.સી. (NOC) ની માંગણી પ્રસ્તુત કેન્દ્રના પ્રમુખશ્રીએ તેમના તા: ૨૮–૧૧–૨૦૦૨ના પત્રથી કરેલ છે તથા ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા: ૨૨–૧૦–૨૦૦૨ના પત્રાંક : જીજેવાય–૧૫૨૦૦૦–૨૩૦૧–કેએચ–૧ થી શિક્ષણ વિભાગને ગેરમાર્ગે દોરી "NOC" મેળવવામાં આવ્યું છે તથા પ્રસ્તુત NOC સદરહું કોલેજને આપવું કે કેમ ? તે અંગે શિક્ષણ વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીનો અભિપ્રાય અંગે યુનિવર્સિટી કાર્યાલયના તા: ૮ – ૧ – ૦૩ ના પત્રથી વિનંતી કરતાં શિક્ષણ વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ તેમના
તા: ૧૦–૧–૦૩ થી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું N.O.C. કોઈપણ સંજોગોમાં આપવું જોઈએ નહીં એવો અભિપ્રાય તેમના તા: ૧૦–૧–૦૩ ના પત્રાંક: એજયુ/૫૬/૩૯૬ થી આપ્યો છે આ સંજોગોમાં પ્રસ્તુત કેન્દ્રના પ્રમુખશ્રીએ તેમના તા: ૨૮–૧૧–૦૨ ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સરકારશ્રીના પત્રને એપ્રિસીયેટ કરવો અને ડીનશ્રીનો અભિપ્રાય મંજૂર રાખવો અને ઉપરોકત કોલેજને "એન.ઓ.સી." આપવું નહી.

(૨૫) એમ.એસ.પાઠક હોમિયોપેથીક મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ, વડોદરાનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩ – ૨૦૦૪ થી પ્રથમ વર્ષનું ચાલુ તથા બીજા વર્ષનું વધારાનું બી.એચ.એમ.એસ.નું જોડાણ મેળવવા ઓમ ગાયત્રી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરાના પ્રમુખશ્રીએ તેમના તા: ૧૦–૨–૦૩ ના પત્રાંક : એમએસપીએચએમસી/૧૪૨ સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂંક કરવી:

(૧) આ.શ્રી આર.સી.શુકલ (૨) પ્રા. ગિરીશભાઈ રાણા

(૩) શ્રી કિશોરભાઈ વાઘેલા (૪) શ્રી હેમંતભાઈ ટોપીવાલા

(૫) પ્રા. વિનોદભાઈ વ્યાસ

(૨૬) યુનિવર્સિટી સંલગ્ન સી.કે.પીઠાવાલા કોલેજ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી, રાંદેર રોડ, સુરતનું નવું સ્થળ માલવણ, ડુમસ–ભીમપોર રોડ પાસે, તા–ચોર્યાસી , મુકામે બદલવા અંગે એ.આઈ.સી.ટી.ઈ. નવી દિલ્હીને રજૂ કરવા માટે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનું કાયમી સ્થળ ફેર અંગેનું એન.ઓ.સી. (NOC) આપવા પ્રસ્તુત કોલેજના આચાર્યશ્રીએ વિનંતી કરી છે.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂંક કરવી:

(૧) ડૉ. કે.આર.દેસાઈ (૨) પ્રા. ગિરીશભાઈ રાણા

(૩) આ. જે.સી.વ્યાસ (૪) પ્રા. જયેશભાઈ દેશકર

(૨૭) શ્રી જે.બી.ધારૂકાવાળા આર્ટસ એન્ડ શ્રી જે.ડી.ગાબાણી કોમર્સ કોલેજ, વરાછા રોડ, સુરતની શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી ચાલુ જોડાણ કાયમી ધોરણે મેળવવા શ્રી તાપી બ્રહમચર્યાશ્રમ સભા, સુરતના પ્રમુખશ્રીએ તેમના તા: ૨૪–૧–૨૦૦૩ ના પત્રાંક: ૪૭/૨૦૦૩ સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂંક કરવી:

(૧) પ્રા. ભગવાનદાસ જી.પંચાસરા (૨) પ્રા. ગિરીશભાઈ રાણા

(૩) ડૉ. અશ્વિનભાઈ દેસાઈ (૪) આ.શ્રી. બી.ડી.નાયક

(૫) આ.શ્રી. બી.એન.જોશી

(૨૮) શ્રી નારાયણ એજ્યુકેશન ટ્રસ્ટ, થલતેજ, અમદાવાદ સંચાલિત સૂચિત નવી સેલ્ફ ફાયનાન્સ બી.એસસી. મેડિકલ ટેકનોલોજીની કોલેજ શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી શરૂ કરવા તેમના તા: ૨૭–૧–૨૦૦૩ ના પત્ર સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: ઉપરોકત બાબત વિચારણા માંથી પાછી ખેંચી લીધી.

(૨૯) એમ.ફીલ., અને પીએચ.ડી. માં સંશોધન કરતા વિદ્યાર્થીઓ માટે જરૂરી એવી રીસર્ચ મેથોડોલોજી એકમ શરૂ કરવાના હેતું માટે કોમ્પ્યુટર તેમજ યુનિક્ષ (UNIX)/લીનક્ષ (LINUX)ના નાના યુનિટો ખરીદ કરવા વધારાના રૂા. ૧૭,૦૦,૦૦૦/– ની માંગણી કરતો તા: ૩૦–૧૧–૦૨ના અર્થશાસ્ત્ર વિભાગના વડાના પત્ર પર વિચારણા કરવા બાબત.

**(અનુસ્નાતક વહીવટી સંકુલ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં અર્થશાસ્ત્ર વિભાગ ધ્વારા સ્વયં નાણા ઉભા કરે તે રીતે મંજૂર કરવામાં આવે છે.

(૩૦) યુ.જી.સી.ના નોટીફીકેશન તા: ૨૪ ડિસેમ્બર, ૧૯૯૮ અંતર્ગત યુનિવર્સિટી માટે નીચેની બિન–શૈક્ષણિક કર્મચારીઓની જગાઓ સીધી ભરતી ( Direct- Recruitment) થી ભરવા તથા નિયત કરેલ લાયકાતનાં ધોરણોથી ભરવા જણાવવામાં આવેલ છે.

(1) Asstt. Dir. of Physical Education .

(2) Dy Dir of Physical Education.

(3) Director of Physical Education.

(4) Asstt. Librarian.

(5) Dy. Librarian.

(6) Librarian.

(7) Asstt. Registrar.

(8) Dy. Registrar.

(9) Registrar.

ઉપરોકત બિન–શૈક્ષણિક કર્મચારીઓ પૈકી હાલ યુનિવર્સિટીમાં પ્રવર્તમાન પ્રમોશનના નિયમો અંતર્ગત Asstt. Librarian અને Asstt. Registrar કક્ષા સુધીની જગાઓ બઢતીથી ભરવામાં આવે છે.

યુ.જી.સી.ના નોટીફીકેશન ૧૯૯૮ માં આ જગાઓના સુધારેલ પગાર ધોરણો તથા નિમણૂંક અંગેના ન્યુનત્તમ લાયકાત ધોરણો બાબતમાં યુ.જી.સી. તરફથી બહાર પડેલ જાહેરનામા મુજબ રાખવાનો નિર્દેશ કરેલ છે.

આ સંજોગોમાં Asstt. Librarian તથા Asstt. Registrar ની જગા ખાલી પડનાર જગ્યા માટે યુ.જી.સી.ના લાયકાતનાં ધોરણનો અમલ કરી પ્રમોશનના બદલે સીધી ભરતીથી કરવા વિચારણા કરવા બાબત.

**(વહીવટી)**

:: ઉપરોકત બાબત વિચારણામાંથી પાછી ખેંચવામાં આવી છે.

(૩૧) કાંઠા વિભાગ નવ નિર્માણ મંડળ, ભરથાણા સંચાલિત દુર્લભ રામજી ભાણા નવનિર્માણ કોમ્પ્યુટર કોલેજ ( સ્વનિર્ભર બી.સી.એ. ) ના બદલે છગનભાઈ બાલાભાઈ પટેલ કોમ્પ્યુટર કોલેજ ભરથાણા, (વેસુ) સુરત તથા નવનિર્માણ કોમર્સ કોલેજને બદલે દુલર્ભ રામજી ભાણા કોમર્સ કોલેજ (સ્વનિર્ભર કોમર્સ) ભરથાણા (વેસુ) નામ રાખવાની પ્રસ્તુત મંડળના પ્રમુખશ્રીએ યુનિવર્સિટીને કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત મંજૂર કરવામાં આવે છે.

(૩૨) નારણલાલા કોલેજ ઓફ પ્રોફેશનલ એન્ડ એપ્લાઈડ સાયન્સ, નવસારીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩થી સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી. કોમ્પ્યુટર સાયન્સ શરૂ કરવા માટે યુનિવર્સિટીને કરેલ જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટ, તેની તા: ૨૨–૭–૦૨ ના રોજ મળેલ સભામાં બી.એસસી. કોમ્પ્યુટર સાયન્સનું નવું જોડાણ આપવા રાજ્ય સરકારને ભલામણ કરવાનું ઠરાવ્યાનુંસાર પ્રસ્તુત ઠરાવની જાણ યુનિવર્સિટી કાર્યાલયના તા: ૮–૧૦–૨૦૦૨ ના પત્રાંક: એસ–એ (નવ.)(૦૨)/૧૧૧૫૮ થી પ્રસ્તુત કોલેજને કરતાં ચાલુ વર્ષનું શૈક્ષણિક સત્ર તા: ૧–૭–૨૦૦૨ થી શરૂ થઈ ગયું હોઈ, પ્રસ્તુત અભ્યાસક્રમ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી શરૂ કરવા તેમના તા: ૧૬–૧૦–૨૦૦૨ ના પત્રાંક: એનએલસીપીએએસ/બી.એસસી.(કોમ્પ્યુ. સાયન્સ)/૨૯૪૦/૨૦૦૨ થી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં પ્રસ્તુત કોલેજમાં નીમેલી સ્થાનિક તપાસસમિતિને વેરીફીકેશન સમિતિ તરીકે નીમવી, જેના સભ્યો નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| (૧) ડૉ. કે.આર. દેસાઈ | (૨) પ્રા. અનિલભાઈ ગોયલ |
| (૩) ડૉ. અપૂર્વ દેસાઈ | (૪) પ્રા. જયેશભાઈ દેશકર |

(૩૩) શ્રી મોહનલાલ હરકીશનદાસ કંસારા કેળવણી ટ્રસ્ટ, નવસારીના મેનેજિંગ ટ્રસ્ટીશ્રીએ એસ.એન.ડી.ટી. મહિલા યુનિવર્સિટી, મુંબઈ સાથે મહિલા બી.એડ. કોલેજનું જોડાણ મેળવવા અંગે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનું "ના વાંધા પ્રમાણપત્ર" ( No Objection Certificate) આપવા માટેની વિનંતી કરતા પ્રસ્તુત ટ્રસ્ટના મેનેગિ ટ્રસ્ટીશ્રીએ તેમના તા: ૧૯–૧૨–૨૦૦૨ના પત્રાંક: એમએચકેટી/૧૦૬૦/૨૦૦૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કોલેજને " ના વાંધા પ્રમાણપત્ર " આપવું નહી અને તેની જાણ એસ.એન.ડી.ટી. મહિલા કોલેજ, મુંબઈ અને ગુજરાત રાજય સરકારને પણ તેની જાણ કરવી.

(૩૪) નારણલાલા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, નવસારીમાં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.બી.એ. અને બી.કોમ. (ઈંગ્લીશ મીડિયમ) નું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી ચાલુ જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના ડાયરેકટરશ્રીએ તેમના તા: ૧૬–૨–૨૦૦૩ ના પત્રાંક: એમએચકેકેટી/કન્ટી.એફી./૧૦૭૩ / ૨૦૦૩ સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂંક કરવી:

(૧) પ્રા. ભગવાનદાસ જી.પંચાસરા (૨) ર્ડા. એસ. કુમાર
(૩) શ્રી ધર્મેશભાઈ મિસ્ત્રી (૪) આ.શ્રી. યુ.ટી.દેસાઈ
(૫) પ્રા. મનોજભાઈ જોષી

(૩૫) નારણલાલા કોલેજ ઓફ પ્રોફેશનલ એન્ડ એપ્લાઈડ સાયન્સીસ, નવસારીમાં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.સી.એ. અને બી.એસસી. (મેડિ. ટેકનો.) નું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી ચાલુ/વધારાનું જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના ડાયરેકટરશ્રીએ તેમના તા: ૧૬–૨–૨૦૦૩ ના પત્રાંક: એમએચકેકેટી/કન્ટી.એફી./૧૦૭૩/૨૦૦૩ સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂંક કરવી:

(૧) પ્રા. અનિલભાઈ ગોયલ (૨) આ.ર્ડા. ભાસ્કરભાઈ રાવલ

(૩) પ્રા. પંકજભાઈ ગઢિયા (૪) પ્રા. સ્નેહલ જોષી

(૫) આ.શ્રી. ટાંક

(૩૬) નારણલાલા ઈન્સ્ટિટયૂટ ઓફ ટીચર એજ્યુકેશન, નવસારીમાં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ. નું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી ચાલુ જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના ડાયરેકટરશ્રીએ તેમના તા: ૧૬–૨–૨૦૦૩ ના પત્રાંક: એમએચકેકેટી/કન્ટી.એફી./૧૦૭૩/૨૦૦૩ સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂંક કરવી:

(૧) પ્રા. ગિરીશભાઈ રાણા (૨) પ્રા. કિશોરસિંહ દેસાઇ

(૩) પ્રા. જી.એસ.પરમાર (૪) આ.શ્રી. નાનુભાઈ પટેલ

(૩૭) સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝની માન્યતા બાબતે સિન્ડિકેટના ઠરાવ નં. (૧૪) તા: ૧૪–૧૧–૨૦૦૦ થી એક સમિતિની રચના કરવામાં આવી હતી. સદર કમિટિના અહેવાલ અંગે સિન્ડિકેટની તા: ૨૦–૬–૨૦૦૨ના રોજ મળેલ સભામાં બાબત ક્રમાંક : (૧૦) અન્વયે, વિચારણા કરી, " સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ, સુરત માટે નિમાયેલી સિન્ડિકેટની સમિતિનો અહેવાલ જે પરિશિષ્ટમાં આપ્યો છે તે સ્વીકારવો અને તદ્દાનુસાર કાર્યવાહી કરવી " એમ ઠરાવ્યું છે, પ્રસ્તુત ઠરાવના સંદર્ભમાં કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોશ્રીએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, સંયુકત સહીથી યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ ને માન્યતા આપવી અને નીચે મુજબ પત્ર લખવો.

(૧) સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ, યુનિવર્સિટી સામે ચાલતો કોર્ટ કેસ પાછો ખેંચે અને તેની જાણ યુનિવર્સિટીને કરે.

(૨) સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝના ફેલો ( Fellow ) એ પીએચ.ડી. ગાઈડની માન્યતા માટે યુનિ.ના નિયમો મુજબ અરજી કરવાની રહેશે.

(૩૮) આગામી માર્ચ–૨૦૦૩ માં યોજાનાર વાર્ષિક પદવીદાન સમારંભ પ્રસંગે વિનયન વિદ્યાશાખા હેઠળ <u>માસ્ટર ઓફ બિઝનેસ ઈકોનોમિકસ</u> (MASTER OF BUSINESS ECONOMICS) ની પદવી એનાયત કરવાની હોઈ, પ્રસ્તુત પદવીનાં પ્રમાણપત્ર છાપવા માટે કાર્યાલયે તૈયાર કરેલા ખરડા પર વિચારણા કરવા બાબત.

**(પરીક્ષા)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે.

(૩૯) આગામી એપ્રિલ/મે પરીક્ષાઓમાં એફ.વાય. તથા એસ.વાય. ની પરીક્ષાઓની ઉત્તરવહીઓ તપાસવાની કામગીરી માટે યુનિવર્સિટી દ્ધારા વ્યવસ્થા કરવામાં આવે જેથી કોલેજોમાં થતા વિભિન્ન આક્ષેપો ટાળી શકાય તેમજ અધ્યાપકો વચ્ચે ઉત્તરવહી તપાસવાની કામગીરી ન્યાયપૂર્વક રીતે વહેંચી શકાય તે બાબતમાં સાઉથ ગુજરાત કોલેજ એન્ડ યુનિવર્સિટી ટીચર્સ એસોસીયેશનના પ્રમુખશ્રીના તા: ૩–૨–૦૩ ના આવેલા પત્ર પર વિચારણા કરવા બાબત.

**(પરીક્ષા)**

:: ઉપરોકત બાબત મુલતવી રાખવામાં આવી છે.

(૪૦) અનુસ્નાતક શિક્ષણ વિભાગમાં ટેકનીકલ આસીસ્ટંટ તરીકે ફરજ બજાવતાં શ્રી બિપિન એન.પટેલની તા: ૧૩–૨–૨૦૦૩ની સ્વૈચ્છિક રાજીનામાની અરજી અંગે વિચારણા કરવા બાબત. **(વહીવટી)**

**( નોંધ: <u>શ્રી પટેલની વિગત નીચે મુજબ છે.</u>**

**(૧)** શ્રી પટેલ યુનિવર્સિટીમાં તા: ૬–૬–૮૩ થી જોડાયા હતાં.

**(૨)** શ્રી પટેલે તેમના પત્રમાં ત્રણ (૩) માસની નોટીસ આપી છે. તા: ૧૫–૫–૦૩ ના કાર્યાલય

સમયબાદ થી અમલમાં આવે તે રીતે રાજીનામું આપેલ છે. તેમની વિનંતી મુજબ જો નોટીસ વેવ થાય તો વહેલાં છૂટા થવા સંમત છે.

**(૩)** શ્રી પટેલ પેન્શન યોજના હેઠળ છે. )

:: આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી બિપિન એન.પટેલને નોટીસ પે લઈને રાજીનામું મંજૂર કરવું.

(૪૧) યુનિવર્સિટી કાર્યાલયના ગ્રંથાલય વિભાગના પટાવાળા શ્રી. નાનુભાઈ એમ.પટેલને ફોજદારી ગુના હેઠળ વઘઈ પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં.આઈ/૮૦/૯૭ ઈ.પી.કો.કલમ–૩૦૨ હેઠળ તા: ૨૪–૧૧–૯૭ ના રોજ અટક કરેલ જેના સંદર્ભમાં તેમને યુનિવર્સિટી કાર્યાલય તરફથી તા: ૨૪–૧૧–૯૭ થી ફરજમોકુફ ( સસ્પેન્ડ ) કરેલ હતા. જેના સંદર્ભમાં તા: ૨૦–૨–૨૦૦૩ થી શ્રી

પટેલે રજૂ કરેલ અરજી સાથેના એડીશનલ જજ ફાસ્ટ ટ્રેક કોર્ટ નવસારીના તા: ૨૧–૧–૨૦૦૩ ના ચૂકાદામાં તેમને પ્રસ્તુત ગુના માટે દોષ મુકત ઠરાવી ( નિર્દોષ ) છોડી મુકતો હુકમ કરેલ છે. ( સેશન કેસ નં–૪૮– ૧૯૯૮ ) જેથી આ હુકમના આધારે શ્રી નાનુભાઈ પટેલને ફરજ પર હાજર કરવા તથા ફરજ મોકુફીના સમયને નિયમિત કરવા અંગે વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી નાનુભાઈ પટેલને યુનિવર્સિટી કાર્યાલયમાં ફરજ પર હાજર કરવા અને ફરજ મોકુફીના સમયને નિયમિત કરવા.

(૪૨) યુનિવર્સિટી કાર્યાલયના નિરંતર શિક્ષણ અને વિસ્તરણ વિભાગમાં યુ.જી.સી. ની પંચવર્ષીય યોજના અંતર્ગત ટેકનીકલ આસીસ્ટંટની જગા મંજૂર કરવામાં આવેલ તદ્દનુસાર પ્રસ્તુત જગા પર શ્રી આર.ડી.સોલંકીની નિમણૂંક કરવામાં આવેલ હતી.

યુ.જી.સી.એ આ જગાનું પગારધોરણ નિયત કરેલ ન હોવાથી આ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા: ૩૦–૧૧–૯૨ ની સભામાં રજૂ કરવામાં આવતાં સમિતિએ આ જગાનું પગાર ધોરણ રૂા. ૧૧૨૫–૨૫–૧૫૦૦ નું નક્કી કરતાં શ્રી સોલંકીને જે તે પગાર ધોરણમાં તા: ૩૦–૧૧–૯૨ થી નિમણૂંક આપવામાં આવી હતી.

તા: ૧–૧–૯૬ થી અમલમાં આવેલ પાંચમાં વેતન પંચમાં આવું કોઈ પગારધોરણ ન હોવાથી તેની સામે નવું કોઇ પગારધોરણ નિયત કરવામાં આવેલ નથી. જેથી સોલંકીને નવા પગાર ધોરણનો લાભ આપવામાં આવ્યો ન હતો.

શ્રી સોલંકીને હકીકતમાં રૂા. ૧૧૫૦–૨૫–૧૫૦૦ પગારધોરણ આપવું જોઈતું હતું જેમાં શરતચૂક ( Slip of Pen ) થઈ લાગે છે.

ઉપરોકત સંજોગોમાં પગારની વિસંગતતા ઘ્યાને લેતાં શ્રી સોલંકીને રૂા. ૧૧૫૦–૨૫–૧૫૦૦ નું પગારધોરણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

**(વહીવટી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં લોકલ ફંડ સાથે મળી યોગ્ય કાર્યવાહી કરવી.

(૪૩) શ્રી અતુલ પાઠકજીના પિતાશ્રી પ્રમોદચંદ્ર બાળકૃષ્ણ પાઠકજીનો ફોટો યુનિવર્સિટીના યુવક કલ્યાણ વિભાગને અર્પણ કરવા અંગે વિચારણા કરવા બાબત.

**(યુવક કલ્યાણ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત નામંજુર કરવામાં આવે છે.

(૪૪) ડૉ. વાય.એસ.પુરોહિત, પ્રોફેસર અને હેડ, ડીપાર્ટમેન્ટ ઓફ આર.એમ.આઈ.એસ.એસ.એસની કોમ્પ્યુટર લેબોરેટરી માટે કોમ્પ્યુટર્સની ખરીદી બાબત નાણાં સમિતિની તા: ૩–૧–૦૩ ની બેઠક ના ઠરાવ નં. ૪ અન્વયે મળેલ પેટાસમિતિની તા: ૧૭–૨–૦૩ ની બેઠકના ઠરાવો ઉપર વિચારણા કરવા બાબત.

**(એમ.એલ.ડબલ્યુ.)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં સેલ્ફ ફાયનાન્સ કોર્ષ પ્રમાણે પેટા સમિતિનો તા: ૧૭–૨–૦૩ ની મિટિંગનો ઠરાવ મંજૂર કરવો.

**<u>કુલપતિશ્રીના પગલાની જાણ માટે</u>**

(૪૫) યુનિવર્સિટીના વિવિધ વિભાગો તરફથી જુદા જુદા વર્તમાનપત્રોમાં આપવાની થતી જાહેરાતનો કોન્ટ્રાકટ મે. પૂનમ એડસ, સુરતને આપવામાં આવ્યો હતો તેની મુદ્દત તા: ૩૧–૩–૨૦૦૨ ના રોજ પૂરી થતા તે કોન્ટ્રાકટ તેમના જુના ભાવે અને શરતોએ તા: ૧–૪–૨૦૦૨ થી તા: ૩૧–૩–૨૦૦૩ સુધીની મુદ્દત માટે લંબાવી આપવાના કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.

**(વહીવટી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, કુલપતિશ્રીના ઉપરોકત પગલાની નોંધ લીધી.

(૪૬) નામદાર ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા: ૨૨–૧–૦૩ના પરિપત્રાંક/ એમઆઈએસ/ ૧૧૯૭/૨૨૮૩/કએચ અંતર્ગત રાજયની તમામ યુનિવર્સિટીના નીચે દર્શાવેલ કેટલાંક બિન–શૈક્ષણિક અધિકારીઓની તેઓની નિવૃત્તિ વયમર્યાદા ૬૦ ની ૫૮ અને ૬૦ ની ૬૨ વર્ષ કર્યાના કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.

**(વહીવટી)**

(૧) **<u>૬૦ ના ૫૮ વર્ષ કરેલ અધિકારીઓ.</u>**

(૧) Asstt. Registrar.

(૨) Dy. Registrar.

(૩) Asstt. Dir. of Physical Education

(૪) Dy. Dir. of Physical Education

(૫) Asstt. Librarian

(૬) Dy. Librarian.

(૨) <u>૬૦ ના ૬૨ વર્ષ કરેલ અધિકારીઓ.</u>

(૧) Registrar.

(૨) Librarian

(૩) Physical Education ( હોદ્દો દર્શાવેલ નથી.)

(૪) Personnel ( હોદ્દો દર્શાવેલ નથી.)

(૫) Controller of Examination

(૬) Chief Account Officer

(૭) Finance Officer

:: ઉપરોકત બાબત વિચારણામાંથી પાછી ખેંચી લેવામાં આવી છે.

<u>જાણ સારું</u>

(૪૭) યુનિવર્સિટી તેમજ કોલેજોમાં વ્યાખ્યાતાની નિમણૂંક કરતી વખતે આ જગા માટે પી.એચડી. ડીગ્રી ધરાવતા ઉમેદવારો માટે પણ NET ની જરૂરીયાત કમ્પલસરી ( ફરજીયાત ) કરવાનાં જાણ કરતાં યુ.જી.સી.ના આવેલ પત્રાંક: F.3-1/2002(Ps) Dt: 18-1-2003 ના પત્રની નોંધ લેવા બાબત.

( **નોંધ:**આમ છતાં ઉમેદવારે ૩૧–૧૨–૯૩ના રોજ એમ.ફીલ ડીગ્રી મેળવેલ હોય અથવા ૩૧–૧૨–૨૦૦૨ સુધીમાં પી.એચ.ડી. થીસીસ યુનિવર્સિટીમાં રજૂ કરી હોય તેવા કિસ્સામાં NET ની પરીક્ષામાંથી મુકતી આપવામાં આવી છે. આવા કિસ્સાઓમાં જ્યાં પી.એચડી. ડીગ્રી મેળવેલ ન હોય ત્યાં NET પાસ થવું ફરજીયાત છે. )

:: ઉપરોકત બાબતની નોંધ લીધી.

(૪૮) કૌશિક હરિયા એજ્યુકેશન ફાઉન્ડેશન, વાપી સંચાલિત કોલેજ ઓફ પ્રોફેશનલ સાયન્સીસ એન્ડ કોમર્સ, વાપીને બી.એસસી. મેડિકલ ટેકનોલોજીનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ માટેની જોડાણઅરજીના સંદર્ભમાં નિમાયેલાં તપાસસમિતિનો અહેવાલ ઉપર વિચારણા કરી શૈક્ષણિક વર્ષ

૨૦૦૨–૨૦૦૩ માટે જોડાણ માટેની શરતોનું પરિપાલન કરીને ૩૦ દિવસમાં રાજય સરકારની જરૂરી પરવાનગી લાવે, એ શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ થી જોડાણ માટેની રાજય સરકારના શિક્ષણ

વિભાગને ભલામણ કરતા શિક્ષણ વિભાગના ઉપસચિવશ્રીના તા: ૨૨–૧–૨૦૦૩ના પત્રાંક: દગજ–૧૫૨૦૦૨–૫૧૧–ખ.૧ થી એફ.વાય.બી.એસસી.(મેડિકલ ટેકનોલોજી)ના અભ્યાસક્રમો

શીખવવાનું/શરૂ કરવાની સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી આપી છે, જે જાણ થવા સારું.

(સિન્ડિકેટ)

:: ઉપરોકત બાબતની નોંધ લીધી.

(૪૯) યુનિવર્સિટી પરીક્ષા વિભાગમાં અગાઉ હંગામી ધોરણે જુ.કલાર્ક/ટાઈપીસ્ટ તરીકે ફરજ બજાવી ગયેલા શ્રી આશિષ ડાહયાભાઈ પટેલને યુનિ. નોકરીમાંથી છૂટા કરતાં તેઓએ મજૂર કમિશ્નરની કચેરીમાં મમક/સુ/આઈડીઆર/૫૧૯/૨૦૦૨ અરજી દાખલ કરી હતી. પ્રસ્તુત અરજી મજૂર કમિશ્નરની કચેરી તરફથી દફતરે કરવામાં આવી છે. તેની જાણ થવા સારું.

(પરીક્ષા)

:: ઉપરોકત બાબતની નોંધ લીધી.

(૫૦) યુનિવર્સિટી સંલગ્ન એસ.વી.આર.એન્જિનિયરીંગ કોલેજ, સુરતમાં પોષ્ટ ગ્રેજયુએટ ( પી.જી.) એડમીશન મેળવવા અંગે વિવાદ થતાં શ્રી ભાવેશ કનુભાઈ પટેલે નામદાર ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદમાં સ્પે.સિવિલ નં. ૯૩૦૪/૦૨ દાખલ કરી હતી. પ્રસ્તુત પીટીશનનો નામદાર હાઈકોર્ટે નિકાલ કર્યો છે. તેની જાણ થવા સારું.

(અનુસ્નાતક)

:: ઉપરોકત બાબતની નોંધ લીધી.

(૫૧) જયદીપ મેમોરિયલ પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત ધ્વારા સૂચિત સ્વનિર્ભર શ્રી સરસ્વતી મહાવિદ્યાલય, ( હિન્દી માધ્યમ વિનયન અને વાણિજય ) નું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪થી નવું જોડાણ મેળવવા ટ્રસ્ટના ચેરમેનશ્રીએ તેમના તા: ૨૦–૨–૦૩ સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

(૫૨) યુનિવર્સિટી કાર્યાલયના બાંધકામ વિભાગના સુથાર શ્રી મોહનભાઈ ડી.ગામીતની તા: ૧૮–૨–૨૦૦૩ ની સ્વૈચ્છિક રાજીનામાં અંગેની અરજી પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

શ્રી ગામીતની વિગતો નીચે પ્રમાણે છે :

(૧) શ્રી ગામીત તા: ૧–૮–૭૭ થી યુનિ.માં જોડાયા હતાં.

(૨) તેમણે તા: ૧૮–૨–૨૦૦૩ થી રાજીનામું આપી ફરજ મુકત થવા જણાવેલ છે.

(૩) તેઓએ નોટીસ પગાર માફ કરવા જણાવેલ છે.

(૪) તેઓ કોન્ટ્રી. પ્રો.ફંડ માં જોડાયા હોવાથી પેન્શન મંજૂર કરાવવાનું રહેતું નથી.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં શ્રી મોહનભાઈ ડી. ગામીતનો નોટીસ પગાર માફ કરવો અને રાજીનામું મંજુર કરવામાં આવે છે.

(૫૩) નાણાં સમિતિની તા: ૨૫–૩–૦૩ ની સભાની નીચે મુજબની બાબત ક્રમાંક: ૮ પર વિચારણા કરવા બાબત.

**(હિસાબી)**

(૮) યુનિવર્સિટી કેમ્પસ પરના વિવિધ મકાનોના ધરતીકંપના વીમા અંગે યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યુરન્સ કંપનીમાં કલેઈમ કરવા માટે આવ્યો હતો. પ્રસ્તુત બાબતે ઈન્સ્યુરન્સ કનસલટન્ટ તરીકે શ્રી સુરેશભાઈ દેસાઈ સુરતની નિમણૂંક કુલપતિશ્રીની મંજૂરીથી કરવામાં આવી હતી. જે અંગે શ્રી સુરેશભાઈ દેસાઈ તરફથી તેમના તા: ૧૬–૮–૨૦૦૨ ના પત્રથી પ્રોફોર્મા ઈનવોઈસ (બીલ) કુલ રૂા.૧,૩૧,૨૫૦/– (સર્વિસટેક્ષ રૂા. ૬૨૫૦/– સાથે) રજૂ કર્યો છે તો તે બીલની ચૂકવણી કરવા અંગે વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં જણાવેલ શ્રી સુરેશભાઈ દેસાઈ (ઈન્સ્યુરન્સ કનસલટન્ટ) થી મળેલ રૂા. ૧,૩૧,૨૫૦/– નું બીલ મંજુર કરવામાં આવે છે.

(૫૪) નાણાં સમિતિની તા: ૨૫–૨–૦૩ ની સભાની બાબત નં. ૫ ના સંદર્ભમાં યુનિ.માં પરીક્ષા વિભાગની કામગીરી માટે કેમ્પસમાં/ આ વિભાગમાં સ્વતંત્ર કોમ્પ્યુટર પુલ ઉભું કરવા મળેલ સમિતિની તા: ૨૫ અને ૨૬–૨–૦૩ના રોજ ની કાર્યવાહી પર વિચારણા કરવા બાબત.

**(પરીક્ષા)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં તા: ૨૫/૨૬–૨–૦૩ ના રોજ મળેલ સમિતિની કાર્યવાહી મંજુર કરવામાં આવે છે.

(૫૫) ગવર્નમેન્ટ મેડીકલ કોલેજ, સુરતમાં એમ.ડી.જનરલ મેડીસીનમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ડૉ.જયચંદ્રન આર. ની બીજા વર્ષનું નવેમ્બર ૨૦૦૦ થી એપ્રિલ ૨૦૦૧નું સત્ર ઈમરજન્સી ડ્યુટી દરમ્યાન થયેલ ધરતીકંપથી થયેલ ફ્રેકચરના કારણે ૭૯ દિવસની અભ્યાસમાંની ગેરહાજરીને કારણે નામંજુર થયેલ હોય જે સત્ર મંજુર કરવા સંદર્ભની વિદ્યાર્થી તા: ૧૫–૧–૦૩ની ડીનશ્રી મેડીકલ કોલેજની ભલામણ સાથેની અરજી અને સદર અરજી સંદર્ભમાં અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર ઈન– ચાર્જનો તા: ૧૪–૨–૨૦૦૩ નો પત્ર અવલોકનમાં લઈ સદર વિદ્યાર્થીનું બીજા વર્ષનું નવેમ્બર ૨૦૦૦ થી એપ્રિલ ૨૦૦૧ દરમ્યાનનું સત્ર મંજુર કરવા વિચારણા કરવા બાબત.

**(અનુસ્નાતક)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં જણાવેલ વિદ્યાર્થીનું બીજા સત્રનું નવેમ્બર ૨૦૦૦ થી એપ્રિલ ૨૦૦૧ દરમ્યાનનું સત્ર મંજુર કરવામાં આવે છે.

**<u>જાણ સારું</u>**

(૫૬) શ્રી. એમ.આર.દેસાઇ આર્ટસ એન્ડ શ્રી. ઇ.ઇ.લહેર કોસાડિયા કોમર્સ કોલેજ, ચીખલી, જિ–નવસારીને ૨૦૦૨–૨૦૦૩ ના વર્ષ માટે રેમેડિયલ કોચીંગ કલાસ ચલાવવા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશને તેમના તા: ૧૪–૨–૨૦૦૩ નાં પત્રાંક: એફ: ૧૦–૪૯/૯૯ (SCT) રૂા.૨,૦૦,૦૦૦/– (બે લાખ પુરા) બીજા હપ્તાની વધુ ગ્રાન્ટ મંજુર કરી છે. જે જાણ થવા સારું.

**(એસસી/એસટી સેલ)**

:: ઉપરોકત બાબતની નોંધ લીધી.

**<u>અધ્યક્ષશ્રીની મંજૂરીથી રજૂ થયેલ બાબતો</u>**

(૫૭) પરીક્ષા આચાર સમિતિની તા: ૨૨–૧–૨૦૦૩ની સભાની કાર્યવાહીની બાબત ક્રમાંક:૩, ૬(૨, ૧૦), ૬ (૩,૧૧), ૬(૪,૫,૬,૯), ૬(૧૩) અને ૭ ની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત મંજુર કરવામાં આવે છે.

(૫૮) યુનિવર્સિટીના નવા બંધાયેલા સોશ્યલ સાયન્સ ભવનના વિજળીકરણ કામ માટે મળેલા ટેન્ડરો પૈકી પ્રસ્તુતકામ મેસર્સ દિપક ઇલિકટ્રીકલ્સ, સુરતને સોંપવા અંગે વિચારણા કરવા બાબત.

**(બાંધકામ)**

(નોંધ: તા: ૨૧–૨–૨૦૦૩ની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની સભા દ્વારા નીચે પ્રમાણે

ભલામણ કરવામાં આવી છે.

:: સોશ્યલ સાયન્સ ભવનમાં વિજળીકરણ કામ માટે દેસાઇ એન્ટરપ્રાઇઝ ના પાડતા સેકન્ડ લોએસ્ટ ભાવ આપનાર મે. દીપક ઇલિકલ્સને રૂબરૂ બોલાવતા તેઓ તેમના ભરેલ ટેન્ડરની રકમ રૂા. ૨,૯૮,૦૭૭/– નો ઘટાડો કરી મે. દેસાઇ એન્ટર પ્રાઇઝના ટેન્ડરના ભાવે રૂા. ૨,૫૯,૪૩૦/– માં કામ કરવા સંમત થયા હતાં. જેથી પ્રસ્તુત કામ મે.દીપક ઇલિકટ્રીકલ્સને સોંપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે. )

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતનું પ્રસ્તુત કામ મે.દીપક ઇલિકટ્રીકલ્સને ઘટાડેલા ટેન્ડરના રૂા. ૨,૫૯,૪૩૦/– ના ભાવે પ્રસ્તુત કામ સોંપવામાં આવે છે.

(૫૯) યુનિવર્સિટી માટે અનામત રાખેલ ૧૫૦ એકર જમીન અંગેના કેસ અંગે યુનિવર્સિટીના એડ્વોકેટ શ્રી ભાસ્કરભાઇ તન્ના સાથે ઉપકુલપતિશ્રી તથા સિન્ડિકેટ સભ્યશ્રી ગિરિશભાઇ રાણા તથા શ્રી અનિલભાઇ ગોયેલ રૂબરૂમાં ચર્ચા વિચારણ કરી હતી તેની નોંધ પર વિચારણા કરવા બાબત.

**(બાંધકામ)**

:: ઉપરોકત બાબત મુલતવી રાખવામાં આવી છે.

યુનિવર્સિટી કાર્યાલય
સુરત. તા: ૨–૪–૨૦૦૩

ઇ.ચા.**કુલસચિવ**
તા: ૨–૪–૨૦૦૩

ક્રમાંક : એસ–૧(૧)/૨૮૬૮
પ્રતિ,
સિન્ડિકેટ ના સર્વે સભ્યશ્રીઓ...........